

શુક્રવારે સાંજે 'ચ' રોડ ઉપર વધુ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક કાર ચાલકની ગાય સાથે ટકકર થઈ હતી. આ અકસ્માતમાં કાર ચાલક ઉપરાંત ગાયને પણ ઈજા થવા પામી હતી.

# અમદાવાદમાં યોગ દિવસની ઉજવણીમાં સર્જાશે રેકોર્ડ

ગાંધીનગર, તા. ૧૬

૨૧મી જૂન-આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અમદાવાદમાં થનાર છે. સમગ્ર ભારતમાં આ દિવસે યોગા દિવસની ઉજવણી થનાર છે. ગુજરાતમાં આ ઉજવણીનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ યુનિવર્સિટી ગ્રાઉન્ડ અમદાવાદ ખાતે યોજાનાર છે. સામૂહિક યોગ નિદર્શન સાથે યોગ સાથે સંકળાયેલા દેશ વિદેશમાં નોંધાયેલા રેકોર્ડ બ્રેક કરીને અમદાવાદમાં નવા રેકોર્ડ સ્થાપવા યોગ સાધકોએ કમર કસી છે.

ગોવાથી અમદાવાદ આવી યોગ નિદર્શનમાં ભાગ લેનાર પંકજજી ૨૦૧૫ વખત સૂર્ય નમસ્કાર કરવા ઉત્સુક છે. દિલ્હીથી આવનાર રોહતાસજી ૧ કલાકમાં ૨૫૦૦થી વધુ પુશ અપ કરવા તત્પર છે. આ અગાઉ સ્વીટઝરલેન્ડમાં ૨૯મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ ૧ કલાકમાં ૨૩૯૨ પુશ અપ કરી રેકોર્ડ સ્થાપ્યો છે. આજ રીતે ૨૦૧૬માં બુક ઓફ વર્લ્ડરેકોર્ડમાં કુ. યસમીન દ્વારા સતત ૩૨ કલાક યોગ કરવાનો વિક્રમ સ્થપાયો છે તેની સામે ઉત્તરપ્રદેશના અયોધ્યાથી આવનાર યોગ સાધક મહેશજી સતત ૫૧ કલાક યોગ કરવાનો રેકોર્ડ નોંધાવવા ઉત્સુક છે.

છત્તીસગઢના દુર્ગમાં ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૭માં ૧૪૧ મિનિટ સુધી શીર્ષાસન કરવાનોં વિક્રમ રાજસ્થાનના સીકરના જયપાલજી ધરાવે છે તેઓ સ્વયં ૧૫૦ મિનિટથી વધુ શીર્ષાસન કરી પોતાનો આ રેકોર્ડ તોડવા માંગે છે.



ખેડા જિલ્લાના નડિયાદ મુકામે ONGC ના સહયોગથી કેન્દ્ર સરકારની ત્રણ વર્ષની ઉપલબ્ધીઓ અંગેનો સબકા સાથ સબકા વિકાસ સંમેલન કેન્દ્રિય મંત્રીશ્રી પ્રકાશ જાવડેકર હાજરીમાં યોજાયો હતો. કેન્દ્રિય શિક્ષણમંત્રીશ્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના ત્રણ વર્ષની કામગીરીના હિસાબો રૂપે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. દેશ દરેક ક્ષેત્રે વિકાસના એજન્ડા સાથે આગળ વધી રહયો છે. ગરીબોના લાભના અને હક્કના નાણાં સીધા તેમના બેંક ખાતામાં જમા થઈ રહયા છે. ગરીબોને ૧૦૦ ટકા મળવાપાત્ર લાભ મળી રહયો છે. આ પ્રસંગે ખેડા જિલ્લાના સાંસદશ્રી દેવુંસિંહ ચૌહાણ, વિધાનસભાના મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઈ અને નડિયાદ મતવિસ્તારના ધારાસભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

# પ્રાંતિજના જેસંગપુરા પાસે આઈશરની અડફેટમાં ત્રણ ઘેટાનાં મોત

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના જેસંગપુરા પાસે આઈશર ચાલકે ઘેટના ટોળાને અડફેટે લેતાં ત્રણ ઘેટાના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા.

અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજના જેસંગપુરા પાસે આઈસરચાલક આઈશર ફુલફાસ્ટ હંકારી લાવી રોડની સાઈડમાં જઈ રહેલ ઘેટાના ટોળાને ટક્કર મારતાં છ ઘેટાઓને શરીરે ગંભીર ઈજાઓ પહોચી હતી જેમાં ઘટનાસ્થળે ત્રણ ઘેટાઓનું કમકમાટીભર્યુ ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું જયારે ત્રણને ગંભીર ઈજાઓ પહોચી છે અને અકસ્માત સર્જી આઈશર ચાલક આઈશર સાથે



ઘટનાસ્થળેથી ભાંગી ગયો હતો જયારે અકસ્માતની જાણ પ્રાંતિજ પોલીસને થતાં પ્રાંતિજ પીએસઆઈ ચાવડા ઘટનાસ્થળે દોડી આવ્યાં હતા અને પશુ ડાંકટરને ફોન કરી ઘટનાસ્થળે બોલાવ્યા હતા અને આઈસર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ત્રાસવાદી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમ્યાન દમ તોડી દીધો હતો. બીજી તરફ, કુલગામ જિલ્લાના બોગંડ ગામમાં આંતકવાદીઓના હુમલામાં સીઆરપીએફનો એક જવાન શહીદ થયો હતો. મંગળવારે પણ આંતકવાદીઓએ માત્ર ચાર કલાકમાં કાશ્મીર ખીણના અલગ-અલગ વિસ્તારોમાં એક પછી એક કુલ છ હુમલા કર્યા હતા, જેમાં ૧૩ જવાનો ઘાયલ થયા હતા. આંતકવાદીઓએ ચાર સર્વિસ રિવોલ્વર પણ લૂંટી લીધી હતી. અત્રે નોંધનીય છે કે, સુરક્ષા દળોને આજે અગાઉ એક મોટી સફળતા હાથ લાગી હતી. ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના કમાન્ડર અને અનેક હુમલામાં સીધી રીતે સામેલ રહેલા કુખ્યાત જુનેદ મટ્ટુ સહિત બે ત્રાસવાદીઓ ભીષણ અથડામણમાં ઠાર થઈ ગયા હતો. દક્ષિણ કાશ્મીરના વિજબહેડા વિસ્તારમાં એક ગામમાં સુરક્ષા દળોની સાથે ભીષણ અથડામણ થઈ હતી.

## ચર્ચા કેવી ?... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચર્ચા થઈ શકે. પરંતુ સરકાર તરફથી કોઈ નામ ન આવ્યું. ભાજપના નેતાઓએ કહ્યું કે તેમણે આ અંગે કોઈ અંતિમ નિર્ણય લીધો નથી. જ્યાં સુધી અમારી સામે કોઈ નામ ન આવે ત્યાં સુધી ઉમેદવાર અંગે ચર્ચા કે સહયોગ કરવાનો સવાલ જ નથી.

આઝાદે કહ્યું છે કે પહેલા ઉમેદવારનું નામ આવે પછી સંમતિની વાત આવે છે. કેન્દ્ર સરકાર ઈચ્છી રહી છે કે નવા રાષ્ટ્રપતિની ચૂંટણી સર્વસંમતિથી થાય. ભાજપના નેતાઓની સાથેની મુલાકાત પહેલા ગુરુવારે સોનિયા ગાંધીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરી છે.

સોનિયા ગાંધી સાથે મુલાકાત કરનારા કોંગ્રેસના નેતાઓમાં મલ્લિકાર્જૂન ખડગે, ગુલામ નબી આઝાદ અને અહમદ પટેલ સામેલ હતા. સૂત્રો મુજબ આ બેઠકામાં સોનિયા ગાંધીની એનડીએ નેતાઓ સાથેની મુલાકાતમાં સંભવિત પ્રતિક્રિયાને લઈને ચર્ચા થઈ છે. કોંગ્રેસને આશા છે કે બે પ્રકારની રણનીતિ સાથે એનડીએના નેતાઓ આવે તેવી શક્યતા છે. પહેલું તો તેઓ કોઈ નામ સૂચવીને સોનિયા ગાંધીનો અભિપ્રાય માંગી શકે છે. બીજું તેઓ કહી શકે છે કે તેમની પાસે જનમત છે. આ માટે તેઓ નક્કી કરે તે ઉમેદવારને વિપક્ષ પોતાનું સમર્થન આપે.

## ટુકડી ઘુસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન્યુક્લિયર રિએક્ટર્સ, મેટ્રો ટ્રેન, શસ્ત્ર ભંડાર, અર્ધલશ્કરી દળોના કેમ્પ પર હુમલા કરી શકે છે.આ ટોળકી ધાર્મિક સ્થળોને પણ ટાર્ગેટ બનાવી શકે છે. આ ખતરાના સંબંધમાં મોખિક રીતે મુંબઈ, દિલ્હી, પંજાબ, બિહાર અને અન્ય રાજ્યોને જાણ કરવામાં આવી છે. આ મહિલા પશ્ચિમી વસ્ત્રોમાં રહીને હુમલાને અંજામ આપી શકે છે. અધિકારીઓને હની ટ્રેપમાં ફસાવી લેવાની ટ્રેનિંગ પણ આ મહિલાઓને આપવામાં આવી છે. મહત્વપૂર્ણ ઈમારતોમાં પ્રવેશી શકે તે માટે ખાસ ટ્રેનિંગ અધિકારીઓને ફસાવવા માટેની આપવામાં આવી છે. ભારતમાં પહેલાથી જ આઈએસઆઈના સ્લીપર સેલ સક્રિય થયેલા છે જેથી તેમની મદદ માટે આ લોકો તૈયાર છે. વાતચીતને પકડી પાડવામાં આવ્યા બાદ રઝિયા, સંગીતા અને રુબીના નામ સપાટી ઉપર આવ્યા છે. મોહમ્મદભાઈ, ઈસ્લાઈલ, અસગર, જુનૈદ જેવા નામ પણ સપાટી ઉપર આવ્યા છે. એમ માનવામાં આવે છે કે, આ પુરુષો મહિલા આત્મઘાતી બોંબર સાથે હોઈ શકે છે. અથવા તો ભારતમાં તેમની મદદ કરવા માટે તૈયાર હોઈ શકે છે.

## નિવેદન લેવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખુલાસો કરતા કહ્યું છે કે, આ દરોડા નહીં બલ્કે માત્ર આ મામલામાં સિસોદિયાનું નિવેદન લેવાની ઈચ્છાના હેતુસર ટીમ પહોંચી હતી. સીબીઆઈના છ સભ્યોની ટીમ સિસોદિયાના આવાસ ઉપર પહોંચી હતી. સીબીઆઈ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ટોક ટુ એકે કેમ્પેઈનમાં થયેલી નાણાંકીય અનિયમિતતાઓની તપાસ કરી રહી છે. એવા આક્ષેપ છે કે, આ કેમ્પેઈનમાં નિયમોનો ભંગ કરીને એક કંપનીને ટેન્ડર આપવામાં આવ્યું હતું. સીબીઆઈ આ મામલામાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા અને અન્યોની સામે પ્રાથમિક તપાસની નોંધણી કરી ચુકી છે. મનિષ સિસોદિયા સામે પણ હાલમાં તપાસ ચાલી રહી છે. આમ આદમી પાર્ટીના લોકોનું કહેવું છે કે, મનિષ સિસોદિયાને જાણી જોઈને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. કારણ કે, મનિષ સિસોદિયા દિવસ રાત એક કરીને સરકારી સ્કૂલોને ખાનગી સ્કૂલો કરતા વધુ સારી બનાવી દેવાના પ્રયાસ કરી રહ્યા છે. તેઓ દિવસ રાત કામ કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ પોતાના ટ્વિટર હેન્ડલ પર આને સીબીઆઈના દરોડા તરીકે ગણાવીને ટિકા કરી છે.

# સર્વોચ્ચ અદાલતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ પી એન ભગવતીને મુખ્યમંત્રીની શ્રધ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સર્વોચ્ચ અદાલતના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ સ્વ. પી. એન. ભગવતીના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થ જસ્ટીસ ભગવતીને શોકાંજલિ આપતા સંદેશમાં જણાવ્યું છે કે સામાન્ય માનવીને પણ સુલભ, સરળ ન્યાયની ઉપલબ્ધિ માટે જ્યુડીશ્યરી સિસ્ટમમાં તેમણે આપેલું યોગદાન હંમેશા યાદ રહેશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્વર્ગસ્થના આત્માની શાશ્વત શાંતિની પ્રભૂ પ્રાર્થના પણ કરી છે.

## પ્રથમ પગલું છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છતાં આપણી આસપાસ આટલી મોટી સંખ્યામાં જન્મ લેતા મચ્છર દેખાતા નથી. તેને નિયંત્રીત કરવામાં આવી રહ્યા છે. તો આ કામ આરોગ્ય વિભાગની સાથે આપણે પણ સુયોગ્ય સંકલનમાં રહીને કરીએ તો સમાજની કેટલી મોટી સેવા કરી ગણાશે તે તમે નક્કી કરો.

તેમણે આ પ્રસંગે મેલેરિયાને થતો અટકાવવાના ઉપાયોનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે નાની-નાની બાબતો છે. આ નાની બાબતો બાળકને નાનપણમાં જ શિખવાડવાની જવાબદારી શિક્ષકોની છે કારણ કે શિક્ષકોની જવાબદારી શિક્ષણની સાથે સાથે જાગૃત સમાજની રચનાની પણ છે.

આ પ્રસંગે જિલ્લા મેલેરિયા અધિકારી મમતા દત્તાણી દ્વારા એક પ્રેઝન્ટેશન રજુ કરી અને મેલેરિયાની જનજાગૃતિ વિશેની વાતો કરી હતી. મેલેરિયા તંત્ર દ્વારા પોરા, ગબ્બી માછલીનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લાના ઈન્ચાર્જ પ્રા. શિ. અધિકારી કિરણબેન પટેલ સહિતના જિલ્લા-તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમ્યાન ગઈકાલે કલોલ ખાતે તલાટીઓની માસિક બેઠકમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. પ્રજાપતિએ પણ મેલેરિયા નિર્મૂલન અંગેની સમજ આપી ગામમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા અને પાણી ભરાય ત્યાં ઓઈલ છંટકાવ સહિતની કામગીરી અસરકારક થાય તે જોવા જણાવ્યુ હતુ. તેમણે પાણીના ક્લોરીનેશન પર પણ આ બેઠકમાં ભાર મુકી અને તલાટીઓને તે દિશામાં સહયોગ આપવા પર ભાર મુક્યો હતો.

## જુનૈદ ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સબઝાર અહેમદ બટ્ટને ઠાર માર્યો હતો. સબઝાર બુરહાન વાનીની જગ્યાએ કમાન્ડર તરીકે કામ કરી રહ્યો હતો. વાનીને ગયા વર્ષે સુરક્ષા દળોએ એક અથડામણમાં ઠાર કર્યો હતો. દક્ષિણ કાશ્મીરમાં લશ્કરે તોઈબાના ચીફ જુનેદ મટ્ટુ કુર્બાનના ખુદવાની ગામનો નિવાસી હતો. તે ત્રીજી જૂન ૨૦૧૫ના દિવસે લશ્કરે તોઈબામાં સામેલ થયો હતો. મટ્ટુ ભણેલો ગણેલો યુવાન હતો. તેને ટેકનોલોજીમાં સારી માહિતી હતી. મટ્ટૂ પ્રથમ વખત તે વખતે પ્રકાશમાં આવ્યો હતો જ્યારે ગયા વર્ષે જૂન મહિનામાં ત્રાસવાદીઓએ અનંતનાગમાં પોલીસ સ્ટેશન ઉપર હુમલો કર્યો હતો.



### સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર
### જાહેર નિવિદા નં. ૧૩ / ૨૦૧૬-૨૦૧૭નો સુધારો-૨

ગુજરાત સમાચાર વર્તમાપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૧૬.૫.૨૦૧૭ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૧૬.૫.૨૦૧૭થી ૨૨.૬.૨૦૧૭ |
| બાનાની રકમ, ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૨૩.૬.૨૦૧૭ થી ૩૦.૬.૨૦૧૭ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મૂળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાંક.ના.મા.નિ./હિંમત/૧૭૬/૨૦૧૭

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### જાહેર નિવિદા નં. ૦૩ સને ૨૦૧૭-૧૮

ગુજરાત રાજયના જાહેર બાંધકામ વિભાગ દ્વારા આવા કામના અનુભવી ઈજારદાર પાસેથી અંદાજે ૨-. ૫.૩૭ લાખના ગાબટ - સાઠંબા તથા બાયડ - માલપુર જુથ પા.પુ. યોજના અંતર્ગત હેડવર્કસ ઉપર ઈલેક્ટ્રીફીકેશનના કામો માટેના ટેન્ડરો બી-૧ ફોર્મમાં ફક્ત રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, આકાર કોમ્પલેક્ષ, શામળાજી રોડ, મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૪૭૨૯૩) જીલ્લો. અરવલ્લી દ્વારા માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૯/૬/૨૦૧૭ અને પરત લેવાની તા. ૨૭/૬/૨૦૧૭ રાખવામાં આવેલ છે. કોરા ટેન્ડર ફોર્મ રજાના દિવસો સિવાય ૧૧.૦૦ કલાક થી ૪.૦૦ કલાક સુધી ઈન્કમટેક્ષ પાન નંબરની નકલ, સેલટેક્સ રજીસ્ટ્રેશનની નકલ તથા ટેન્ડર ફી રજૂ કરેથી આપવામાં આવશે.

ક્રમાંક /ના.મા.નિ./હિંમત/૧૭૨/૨૦૧૭-૧૮

### ગુજરાત મેરીટાઈમ બોર્ડ
### જાહેર નિવિદા નં. ૩ / ૨૦૧૭-૨૦૧૮

કાર્યપાલક ઈજનેર (બાં) ઈજનેર વિભાગ-૨, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સામે, સેકટર-૧૦ એ, 'સાગર ભવન' ગાંધીનગર (ફોન નં. ૨૩૨૩૮૦૧૧) દ્વારા બાગ-બગીચાની જાળવણીનું કામ કરતી અનુભવી એજન્સીઓ પાસેથી સીલબંધ ભાવપત્રક માંગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ રૂ. (૨) બાનાની રકમ (૩) ટેન્ડર ફી રૂ. |
|---|---|---|
| ૧. | એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ ફોર ધ ગાર્ડન્સ એન્ડ લેન્ડસ્કેપીંગ એટ એચ.ઓ. જીએમબી એન્ડ કોલોનીઝ એટ સેક્ટર-૮ એન્ડ ૧૩ એટ ગાંધીનગર | (૧) રૂ. ૬,૮૦,૫૦૬.૪૦ (૨) રૂ. ૬,૮૫૦.૦૦ (૩) રૂ. ૯૦૦.૦૦ |

ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૨૦/૬/૧૭ થી વેબસાઈટ www.gmbnprocure.com પરથી ઉપલબ્ધ થશે. ઓનલાઈન સબમીશનની છેવટની તા. ૨૯/૬/૨૦૧૭, ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવા વિનંતી. ટેન્ડર ફી રૂ. ૯૦૦/-, વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા અથવા www.gmbports.org વેબસાઈટ અચૂક જોવા વિનંતી છે.

માહિતી/૭૮૦/૧૭-૧૮

### જાહેર નિવિદા
### સ્ટેશનરીના વાર્ષિક કોન્ટ્રાક્ટ બાબત

અત્રેની કચેરી માટે સ્ટેશનરી ખરીદવા બાબત વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવાનો હોઈ આ બાબતે રસ ધરાવનાર ગાંધીનગર સ્થિત પાર્ટીઓ પાસેથી વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર ઈન્ડેક્ષ્ટ-સીની ગાંધીનગર ખાતેની કચેરીમાંથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી કચેરી સમય દરમિયાન તારીખ : ૨૭/૬/૨૦૧૭ સાંજના ૫:૩૦ કલાક સુધી મેળવી લેવાના રહેશે. સદર ટેન્ડર ભરીને આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ અથવા કુરીયર દ્વારા તા. ૨૯/૬/૧૭ સાંજના ૫:૩૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં મળી જાય તે રીતે ટેન્ડર સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. સીલબંધ કવર ઉપર **'સ્ટેશનરીના વાર્ષિક કોન્ટ્રાક્ટ બાબત ટેન્ડર'** તેમ સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલી આપવાના રહેશે. આ પ્રકારના લખાણ વગરનું ટેન્ડર માન્ય ગણાશે નહીં. નોન-રીફંડેબલ ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા ભરી ટેન્ડર મેળવી શકાશે.

**કાર્યવાહક નિયામક**
ઈન્ડેક્ષ્ય-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેઝ)
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૨૬૩, ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨૫૬૦૦૭

INDEXT-c

માહિતી/૭૭૧/૧૭-૧૮

### જિલ્લા આરોગ્ય સોસાયટી

(RNTCP સબ કમીટી)
જિલ્લા ક્ષય કેન્દ્ર
જી-૨ બ્લોક, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૧, ગાંધીનગર.

લેબોરેટરી માલસામાન અંદાજીત રૂપિયા ત્રણ લાખ એંસી હજાર વાર્ષિક ઈજારાથી ખરીદવા સીલબંધ ભાવપત્રકો સેલટેક્ષ રજીસ્ટ્રેશન ધરાવતા વેપારીઓ પાસેથી મંગાવવામાં આવે છે.

ફોર્મ મેળવવાની તારીખ વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં ઓફીસ સમય દરમિયાન ટેન્ડર ફોર્મ ફી રૂ. ૫૦૦/- એકા.પે. ચેક / ડી.ડી. RNTCP REVISED NATIONAL TUBERCULOSIS CONTRAL PROGRAMME GANDHINAGAR નામનો રજૂ કરી મેળવવાનું રહેશે. ફોર્મ ભરી પરત આપવાની તારીખ વર્તમાન પત્રમાં જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૨૧માં ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાનું રહેશે. ભરેલ ફોર્મ સાથે ડીપોઝીટ પેટે રૂ. ૧૫,૦૦૦/- એકા.પે. ચેક / ડી.ડી. રજૂ કરવાનો રહેશે.

મેમ્બર સેક્રેટરી
**આર.એન.ટી.સી.પી. સબ કમીટી, અને**
**જિલ્લા ક્ષય અધિકારી**
જિલ્લા ક્ષય કેન્દ્ર
જી-૨ બ્લોક, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર

